एशियाखंडनी भूगोळ विद्या

ભાગ પહેલો.

બનાવનાર

શા. ભીખાભાઈ છગનલાલ.

આવૃત્તિ પહેલી.

અમદાવાદ

ઢાલની પોળમાં શેઠ. કેશવલાલ ખુશાલદાસના
મકાનમાં "ચન્દ્રોદય પ્રિન્ટીંગ" પ્રેસમાં છાપી.

સંવત ૧૯૪૫. સન ૧૮૮૯

કિંમત રૂ. ૦-૩-૦

ભૂગોળ વિદ્યા પ્રથમ ભાગ.

પ્રકરણ ૧ લું

ભૂગોળવિદ્યા એટલે ભૂમિનું વર્ણન.

પૃથ્વી ગોળાકાર છે તેની સાબીતીઓ નીચે પ્રમાણે.

૧. નાવિક લોકો (ખલાશી લોકો) એક દિશાએથી વહાણ હંકારે છે, ત્યારે જયાંથી તેઓ નિકળ્યા હોય છે, ત્યાંજ પાછા આવે છે; જો પૃથ્વી ગોળ ન હોત તો, વહાણ પાછું ફેરવ્યા શિવાય લોક પોતાને દેશ પાછા આવવાને માટે, કોઈ પણ પ્રકારે સમર્થ થાત નહી.

૨. સમુદ્રમાં વહાણ દુરથી નજદીક આવતું હોય, ત્યારે તેના ઉપરના શઢો પેહેલા દેખાય છે, અને નીચલો ભાગ માલમ પડતો નથી, ને જેમ જેમ તે પાસે આવે છે ત્યારે તેનો નીચલો ભાગ માલમ પડે છે.

૩. જ્યારે ચંદ્ર ગ્રહણ થાય છે ત્યારે પૃથ્વીનો પડછાયો ચંદ્ર ઊપર ગોળ પડે છે જો પૃથ્વી ગોળ ન હોત તો તેમ કદી પણ થાત નહી.

૪. જેમ જેમ આપણે ઉત્તર દિશા તરફ જઈએ છીએ તેમ તેમ ધ્રુવનો તારો ઉંચો દેખાય છે.

૫. જેઓ પૂર્વ તરફ રહે છે તે લોકોને સૂરજ વહેલો ઉગતો જણાય છે અને જે પશ્ચિમમાં રહે છે તેઓને મોડો ઉગતો દેખાય છે, જો પૃથ્વી ગોળ હોત તો સૂરજનું અજવાળું એકજ વખતે પૃથ્વીના સઘળા ભાગ પર પડત.

દિશાઓ.

જે દિશામાં સૂર્ય ઉગે છે તેને પૂર્વ દિશા કહે છે.

જે દિશામાં સૂર્ય અસ્ત પામે છે તેને પશ્ચિમ દિશા કહે છે.

જેણી તરફ સૂર્ય ઉગતો દેખાય છે તે દિશા તરફ મોં કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફની ઉત્તર ને જમણા હાથ તરફની દક્ષિણ.

નકશાની દિશાનું વર્ણન.

જો આપણે નકશાની સામે ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર, પગ તરફની દક્ષિણ અને જમણા હાથ તરફની પૂર્વ, ને ડાબા હાથ તરફની પશ્ચિમ.

ખૂણાનું વર્ણન.

ઉત્તર ને પૂર્વ વચ્ચેનો જે ખૂણો તેનું નામ ઇશાન ખૂણો.

ઉત્તર ને પશ્ચિમ વચ્ચેનો જે ખૂણો તે વાયવ્ય ખૂણો.

દક્ષિણ ને પૂર્વ વચ્ચેનો જે ખૂણો તે અગ્ની ખૂણો.

દક્ષિણને પશ્ચિમ વચ્ચે જે ખૂણો તેનું નામ નૈરૂત્ય ખૂણો.

પૃથ્વીની સપાટીના ભાગો.

પૃથ્વીની સપાટી ઉપર મૂખ્ય કરીને પાણી ને જમીન એઉ છે તેમાં લગભગ ત્રણ ભાગ પાણી ને એક ભાગ કોરી જમીન છે ભૂગોળ વિદ્યામાં પૃથ્વીની સપાટીના બે બરોબર ભાગ કર્યા છે તે બેમાં એકનું નામ પૂર્વ ગોળાર્દ્ધ અને બીજાનું નામ પશ્ચિમ ગોળાર્દ્ધ પાડયું છે. આ બંને ગોળાર્દ્ધમાં પાણીથી ઘેરાયલી ઘણી જમીન છે, (ખરૂં જોવા જઇએ તો દરેક મોટો દ્વીપ છે.) પૂર્વ ગોળાર્દ્ધ માંહેલી જમીન તે પૂર્વ માહાદ્વીપ અને પશ્ચિમ ગોળાર્દ્ધમાં આવેલી જમીનને પશ્ચિમ માહાદ્વીપ કહે છે.

જમીન.

પૂર્વ ગોળાર્દ્ધમાં એશિયા, યૂરોપ, આફ્રિકા, એ ત્રણ ખંડ છે એ ત્રણ જોડાયલા છે; તે ત્રણે ખંડ ઘણા વરસ થી લોકોના જાણીતા છે તેથી કરીને તેને અસલ ભૂમી કહે છે.

બીજા માહાદ્વીપમાં એટલે પશ્ચિમ ગોળાર્દ્ધમાં અમેરિકા (ઉત્તર અને દક્ષિણ અમેરિકા) નામે એકજ ખંડ છે, એ ખંડને ઘણી વખતે નવી ભૂમી એમ પણ કહે છે, કારણ કે ઇ૦ સ૦ ૧૪૯૨ માં ઇટાલીના જીનોઆ શેહેરનો કોલમ્બસ નામના વહાણવટીએ તે ખંડનો શોધ કર્યો ત્યાર પહેલાં ઉપર ત્રણ ખંડ કહ્યા તે શિવાય આ નવા ખંડની કોઇને માલમ ન હતી. ઉપર ચાર ખંડો બતાવ્યાં તે શિવાય પાંચમો ખંડ છે તેનું નામ આસ્ટ્રેલિયા કહે છે તેની આજુ બાજુના બેટ તથા પાસિફિક માહાસાગર માંહેલા નાના ટાપુઓ એમાં સામીલ કર્યા છે; તે સઘળા બેટો સહીત આસ્ટ્રેલિયાને ઓશિઆન્યા કહે છે.

એશિઆની પશ્ચિમે યૂરોપ ખંડ છે.

યૂરોપની દક્ષિણે આફ્રિકા ખંડ છે, અને આફ્રિકાની વચ્ચે ભૂમધ્ય સમુદ્ર છે.

યૂરોપને આફ્રિકાની પશ્ચિમે અમેરિકા ખંડ છે.

પાણી.

પાણીના મૂખ્ય પાંચ ભાગ કર્યા છે તે દરેકને મહાસાગર કહે છે તેના નામ નીચે પ્રમાણે.

(૧) ઉત્તરધ્રૂવની આસપાસનો ઉત્તર મહાસાગર.

(૨) દક્ષિણધ્રૂવની આસપાસનો દક્ષિણ મહાસાગર.

(૩) એશિઆ ને અમેરિકાની વચ્ચે પાસિફિક મહા-

સાગર આવેલો છે.

(૪) યૂરોપ તથા આફ્રિકાની પશ્ચિમે અને અમેરિકાનો પૂર્વે આટ્લાન્ટિક મહાસાગર છે. એશિઆની દક્ષિણે હિંદીમહાસાગર આવેલો છે.

વાખ્યા.

(૧) કોરી જમીનના મોટા ભાગમાં ઘણા દેશો આવેલા છે તેને ખંડ કહે છે.

(૨) જેમાં થોડા ઘરો હોય તેને ગામ કહે છે અને એવા ઘણા ભાગ ભેગા કરીએ ત્યારે પ્રગણું થાય, અને એવા ઘણાં પ્રગણા ભેગા કરીએ ત્યારે જીલ્લો થાય, અને એવા ઘણા જીલ્લાઓ મળે ત્યારે પ્રાંત થાય, અને ઘણા પ્રાંતો મળે ત્યારે ઈલાકો થાય, અને ઘણા ઈલાકા મળે ત્યારે દેશ થાય.

(૩) નદી કે દરિયા કાંઠે જે શેહેર આવેલું હોય અને જ્યાં વેપારના વહાણો ચાલતા હોય તેને બંદર કહેછે.

(૪) જમીનનો જે ભાગ ચારે તરફથી પાણીથી ઘેરાયેલો હોય તેને દ્વીપ અથવા બેટ અથવા ટાપુ કહે છે.

(૫) જમીનનો જે ભાગ ત્રણ બાજુએ પાણીથી રોકાયલો હોય અને એક બાજુએ કોરી જમીન હોય તેને દ્વીપકલ્પ કહે છે.

(૬) જમીનની જે અણી લાંબી થઇને સમુદ્રમાં ગયેલી હોય તેને ભૂશિર અથવા ભૂશલાકા કહે છે.

(૭) જમીનના બે મોટા ભાગને સાંધનારો જે જમીનનો નાનો ભાગ તેને સંયોગીભૂમિ કહે છે.

(૮) જે જમીનનો ભાગ દરિયા કાંઠે આવેલો હોય તેને કીનારો કહે છે.

(૯) જે જમીનનો થોડો ભાગ ઉંચો હોય તેને ડુંગર કહેછે અને વધારે ઉંચા ભાગને પર્વત કહેછે. તળીએથી

જોડાયલા ડુંગરોને પર્વતોને પાહાડ અથવા પર્વતની હાર કહે છે.

(૧૦) ઘણું કરીને જમીનના વર્ણવેલા ભાગને મેદાન અથવા પ્રદેશ કહે છે.

(૧૧) પહાડ ઉપર આવેલા પ્રદેશને ઉંચ પ્રદેશ કહેછે.

(૧૨) જે ઉંચી જગાએથી જુદી જુદી દિશાઓમાં પાણી વહે તેને જળ પ્રદેશ કહે છે.

(૧૩) જમીનપર ઘાંઓ ગયેલો જે સમુદ્રનો ફાંટો તેને અખાત કહે છે.

(૧૪) અખાતનું મોં પહોળું હોય તેને ઉપસાગર કહે છે.

(૧૫) ખારા પાણીનો મોટો ભાગ તેને મહાસાગર કહે છે.

(૧૬) જે પાણીના ભાગને આપણે સમુદ્ર કહીએ છીએ તે મહાસાગરથી નાનો હોય છે.

(૧૭) બે સમુદ્રને જોડનારો એક સાંકડો પાણીનો ભાગ તેને સામુદ્રધુની કહીએ (સંસ્કૃત ભાષામાં સામુદ્ર એ-ટલે સામુદ્રની અને ધુની એટલે નદી કહે છે.)

(૧૮) ખારા અથવા મીઠા પાણીનો જથો જે જ-મીનથી ચારે બાજુએ ઘેરાયલો હોય તેને સરોવર કહેછે.

(૧૯) મીઠા પાણીનો જે ધોધવો પર્વતમાંથી અથ-વા સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઇને સરોવર અથવા સમુદ્રને મળે તેને નદી કહીએ; અને મીઠા પાણી-નો પ્રવાહ થોડે દૂર જઈ નદીને મળે છે તેને નાળું કહે છે મોટી નદીમાંથી નાની નદી નીકળે તેને ફાંટો કહે છે.

(૨૦) નદીની ઉત્પત્તીની જગા તે તેનું મૂળ કહેવાય, અને જે જગાએ સમુદ્રને અથવા સરોવરને મળે છે તેનું નામ મુખ.

(૨૧) જે મુકામે બે નદીઓ મળે છે તેને સંગમ કહે છે.

(૨૨) સમુદ્રને મળતા પહેલા ભરતીઓટનું પાણી અંદર આવે એવું જે નદીનું મોં પહોળું હોય છે તેને ખાડી કહે છે.

(૨૩) જે પર્વતના શિખરમાંથી ધૂમાડા, રાખ. અંગારા પડે છે તેને જ્વાળામુખી કહે છે.

(૨૪) જેમાં ઘણા બેટો આવેલા તેને સમુદાય કહે છે.

(૨૫) ડુંગરો કે પર્વતોની વચેના નીચ પ્રદેશને ખીણ કહે છે.

(૨૬) ઝાડ કે ઝાડવાથી ઢંકાએલા મોટા ભાગને જંગલ કહે છે.

(૨૭) જે જમીનનો ભાગ રેતાળ હોય અને તેમાં ઝાડ ન હોય તેને રણ કહે છે.

(૨૮) સમુદ્રની અંદર ટેકરો હોય તેને ખરાબો કે ખડક કહે છે.

(૨૯) વાહાણને ચેતવણી આપવાને જે ઉંચો દીવો રાખવામાં આવે છે તેને દીવાદાંડી કહે છે.

એશિયા.

એશિયા પાંચ ખંડોમાંનો એક મોટો ખંડ છે.

સીમા—ઉત્તરે ઉત્તર માહાસાગર, પશ્ચિમે યુરલ પર્વત, યુરલ નદી કાસ્પિઅન સમુદ્ર, કાકેસસ પર્વત, કાળો સમુદ્ર, મારમોરા સમુદ્ર આર્કીપેલેગો, ભૂમધ્ય સમુદ્ર, સુવેજની નહેર, રાતો સમુદ્ર, દક્ષિણે હિંદીમાહાસાગર પૂર્વે પાસિફિક માહાસાગર.

દેશો	રાજધાની	ક્યાં આવ્યું
૧. હિંદુસ્તાન	કલકત્તા	હુગલી

૨. લંકા	કોલંબો	દરીયા કાંઠે
૩. બલુચિસ્તાન	ખીલાત	ગંદાવા
૪. અફગાનીસ્તાન	કાબુલ	કાબુલ
૫. ઇરાન	તેહેરાન	એલ્બુઝ પર્વતનીદક્ષિણે
૬. અરબસ્તાન	મક્કા	રાતા સમુદ્રના કાંઠે
૭. તુર્કસ્તાન	સ્મિરના	એજીયનસમુદ્રનેકાંઠે
૮. તાતાર	બુખારા	ઝરાફ્સન નદીને કાંઠે
૯. એશિયાઇ રૂશિયા	તોબોલ્સક	ઇર્ત્તિશ નદીને કાંઠે
૧૦ જાપાંન	યદો	નીફોન બેટના કાંઠે
૧૧ ચીનાઇરાજ્ય	પેકીન	પેઇહો
૧૨ હિંદી ચીન	માંદલેજ	ઇરાવતી

સમુદ્રો.

૧. લીવેન્ટ (એ ભૂમધ્ય સમુદ્રનો પુર્વ તરફનો ભાગ) શિરીયાની પશ્ચિમે.

૨. રાતો સમુદ્ર.	અરબસ્તાન ને આફ્રિકાની વચ્ચે
૩. અરબી સમુદ્ર	અરબસ્તાન ને હિંદુસ્થાનની વચ્ચે
૪. બંગાળાનો સમુદ્ર	હિંદુસ્તાન ને હિંદી ચીનની વચ્ચે
૫. ચીનાઈ સમૂદ્ર	ચીનની દક્ષિણે
૬. પીળો સમુદ્ર	ચીન ને કોરીયાની વચ્ચે
૭. જાપાની સમુદ્ર	જાપાન ને કોરિઆની વચ્ચે
૮. ઓકોટસ્ક સમુદ્ર	સૈબીરિયા ને કામસ્કાટકાની વચ્ચે
૯. કામસ્કાટકા (બહેરીંગ)	કામસ્કાટકા ને અમેરિકાની વચ્ચે

અખાતો.

૧. ઓબી	રૂશિયાની ઉત્તરે.
૨. એનીસી	
૪. કારા	
૪. અનાદીર	રૂશિઆની પુર્વે

૫. તાર્તરી	એશિયાની પુર્વે
૬. પીચીલી	
૭. શિયામ	
૮. તોંકવીન	
૯. માર્તાબાન	બ્રહ્મદેશના નૈરૂત્ય ખુણામાં.
૧૦ મનાર	હિંદુસ્તાનની દક્ષિણે
૧૧ ખંભાત	હિંદુસ્તાનની પશ્ચિમે
૧૨ કચ્છ	
૧૩ અરબી	અરબસ્તાનને આફ્રિકાની વચ્ચે છે
૧૪ ઇરાની	ઇરાન ને અરબસ્તાનની વચ્ચે છે
૧૫ ઓમાન	
૧૬ એડન	લાલ સમુદ્રમાં

સામુદ્રધુનીઓ.

નામ.	જુદી પાડતી.	સાંધતી
૧. વેગેજ ...	... નોવાઝેમબ્લા અને એશીયા ખંડને	....
૨. બેરીંગ ...	... એશીયાઇ રૂશીયા અને અમેરિકા.	કામસકાટકાઅને ઉત્તર મહાસાગર.
૩. તાર્તરી. ...	... સગેલિઅન અને માચુરીઆ.	ઓકોટસ્ક અને જાપાન.
૪ સંડા ...	... જાવા અને સુમાટ્રા	બંગાળા, જાવા, સમુદ્રને.
૫ મોલ્યુકાસ	... મોલ્યુકાસ સેલીબીસ	સેલીબીસ, જાવા સમુદ્રને.
૬ પાક ...	... હિંદુસ્તાનને લંકા	બંગાળાના ઉપસાગરને મનારના અખાતને.

૭ હોર્મઝ	અરબસ્તાન, ઇરાન.	ઇરાની અખાત, ઓમાનના અખાતને.
૮ બાબલમાંડપ...	અરબસ્તાન,આફ્રિકા	રાતો અને અરબી સમુદ્રને.
૯ સુવેજની નહેર.	અરબસ્તાન, આફ્રિકા	રાતોને ભૂમધ્ય.
૧૦ પીરાઊઝ ...	સગેલિયન, જસો.	જાપાની સમુદ્ર અને પાસિફિક મહાસાગર.
૧૧ સંગાર ...	જેસો ને નિફ્રાન.	જાપાન પાસિફિક.
૧૨ કોરીયા ...	કીયુસીયુ અને કોરીયા.	પૂર્વ સમુદ્રને જાપાની.
૧૩ ફારમોસા ...	ચીન ને સારમોફા	પૂર્વને ચીનાઈ સમુદ્ર.
૧૪ મલાકા	મલાકાને સુમાત્રા.	બંગાળાનો ઉપસાગરને જાવા.
૧૫ મેકેસાર	સેલીબીસ ને બોરનિયો	સેલીબીસ, જાપાની.

સંયોગી ભુમી.

નામ	સાંધે છે.	જુદાં પાડે છે
કોની સંયોગી ભુમી	તીનાસરીમ અને મલાયા	શીઆમનો અખાત અને હિંદી માહાસાગર

ભૂશિર.

૧. સિવેરો—સૈબિરિયાની ઉત્તરે

૨. લોપાટકા—એશિયાનું દક્ષિણ બીંદુ છે અને કામસ્કાટકાની દક્ષિણે છે.

૩. નીગ્રેસ—પેગુની નૈરૂત્ય ખુણે છે.
૪. રોમાનીઆ—મલાયાની દક્ષિણે છે.
૫. કોમોરીન (કંન્યા કુમારી) હિંદુસ્તાનની દક્ષિણે છે.
૬. બાબા—એશિયા મૈનરની પશ્ચિમે છે.
૭. રાસ અલહદ—અરબસ્તાનની પૂર્વે છે.
૮. કેમ્બોડીયા સિઆમની દક્ષિણે છે.
૯. પૂર્વ ભૂશિર—સૈબિરિયાની પૂર્વે છે.
૧૦ નીંગપો—ચીનની પુર્વે છે.
૧૧ તૈમૂર—સીવીરોની પશ્ચિમે છે.
૧૨ કીંગ—જાપાનની અગ્નિ કોણમાં છે.

બેટો.

ઉત્તર માહાસાગરના બેટો	લીઆખોવ, અથવા ન્યુસૈબી રિયા એનું બીજુ નામ છે
પાસિફિક માહાસાગરના બેટો.	એલ્યુશીયન (ફોકસ) કુરાઇલિ, સગેલીઅન, જાપાન, લુચુ, ફાર મોસા, હેનાન, ફીલીપાઇનિ સેન્ટલોરેન્સ.
હીંદી માહાસાગરના બેટો. કાસ્મીર, હોરમઝ, મકાઉ.	નીકોબાર, આંદમાન, લક્ષ દ્વીપ, માલદ્વીપ, સિંહલદ્વીપ બહેરીન, પરીમ, મરગવાઈ આર્કિપેલેગો, રામરી બેટો,

હિંદી આર્કિપેલેગો—બોર્નિઓ, સુમાત્રા, જાવા, સેલિબીઝ, મોલુક્સ, (મસાલાના દીપો) અને લેઝર.

ભૂમધ્ય સમુદ્રમાં—સૈપ્રસ. રોડસ, કોસ, સામોસ, લિસ્બોન, સીઓ, મીતીલીન.

દ્વીપકલ્પો.

નામ.	કોની વચ્ચે
૧ એશિયા મૈનર—	કાળા સમુદ્રની વચ્ચે છે

૨. અરબસ્તાન—રાતા સમુદ્રની અને અરબી સમુદ્રની વચ્ચે છે

૩. હિંદુસ્તાન—અરબસ્તાનની અને બંગાળાના ઉપસાગર ની વચ્ચે છે.

૪ હિંદીચીન (પૂર્વ દ્વીપકલ્પ) બંગાળાના ઉપસાગરની અને ચિનાઈ સમુદ્રની વચ્ચે છે.

૫ કોરિઆ— પીળા સમુદ્રની અને જાપાની સમુદ્રની વચ્ચેછે.

૬ સગેલીઅન } સૈબીરીઆની પૂર્વે છે.
૭ કામસ્કાટકા }

૮ મલાક્કા (મલાયા) } હિંદીચીન
૯ આનામ }
૧૦કામબોડીઆ...

પર્વતો.

પર્વતોના નામ	કયાં આવ્યો.	શીખરો.
૧ હિમાલય	હિંદુસ્થાન (ઉત્તરે)	અવરેસ્ટ, કીંચીંગંગા, ધવલાગરી.
૨ કારાકોરમ	હિંદુસ્તાન ઉત્તરે	દેપઝીંગ.
૩ હિંદુકુશ	અફગાનિસ્તાન	કોહીબા.
૪ એલ્બર્ઝ	ઇરાન.	ડામાવેંડ
૫ કાકેસસ	સૈબીરિઆની પશ્ચિમે.	એલ્બર્ઝ.
૬ આર્મીનીઆ	એશિઆઈ તુર્કસ્તાન.	આરેરાટ
૭ લીબનાન	પાલેસ્તાન.	,,
૮ તારસ	એશિઆઈ તુર્કસ્તાન.	,,

મધ્યની હારો

પર્વતોના નામ.	કયાં આવ્યા.	શીખરો.
બેલૂરતાગ	હિંદુકુશથી ઉત્તર સુધી.	
કુવેનલુન	પૂર્વ બોલોરથી તિબેટની ઉત્તરમાં.	

ચીઆનશાન. (આકાશપર્વત)	એલ્ટારના ઉત્તર છેડાથી પૂર્વના મધ્ય મેદાન સુધી.	
આલતાઇ	એશિઆઈ રૂશિઆ.	બેલુખા.
યાબ્લેનો ઇસ્તાનો વોઈ	ઉત્તરના મોટા મેદાનની અગ્નિ કોણમાં.	
કામસ્કાટકા	કામસ્કાટકાના દ્વીપકલ્પમાં.	

બીજી હારે.

પર્વતોના નામ.	ક્યાં આવ્યાં	શીખરો
પેલીંગ યુનલીંગ નાનલીંગ	ચીનમાં.	,,
જાપાનો પર્વત	જાપાન	ફયુઝીઆમા
પૂર્વઘાટ	હિંદુસ્તાન	,,
પશ્ચિમઘાટ (સહ્યાદ્રિ)	હિંદુસ્તાન	,,
નિલગિરિ	હિંદુસ્તાન	ડોડાબેટા.
વિંધ્યા પર્વત.	હિંદુસ્તાન	મધ્ય ભાગમાં
આરાવલી પર્વત	હિંદુસ્તાન	આબુ પર્વત
સાતપુડો	હિંદુસ્તાન	મધ્ય ભાગમાં
સુલેમાન (સોલોમાન)	હિંદુસ્તાનને અફગાનિસ્તાનને જુદો પાડે છે.	તખ્તી સુલેમાન.
લંકાપર્વત	લંકામાં	પેદ્રાતાલાગલા એલિઆ, આદમની ટેકરી.
હાલા	બલુચિસ્તાનને સિંધ.	
પાલેસ્તાન	પાલેસ્તાન.	કારમેલ.
યુરલ	યુરોપને એશીઆથી જુદો પાડે છે.	તોપાસ.

સીનીઈ	અરબસ્તાનમાં	,,
હોરેબ	સીનાઈના મેદાનમાં	,,
કૈલાસ.	ટિબેટની દક્ષિણે	,,
શિવાલિક	નેપાલ ને ભુતાનની દક્ષિણે.	,,

સરોવરો.

૧. કાસ્પીયન—ઈરાનની ઉતરે.

૨. ઉરમીયા } કાસ્પીયનની પશ્ચિમમાં
૩. વાન

૪. ડેડસી. (મૃત સરોવર)—સિરિયામાં

૫. જુરા—અફગાનીસ્તાનમાં

૬. આરલ—કાસ્પીયનની પૂર્વે (તાર્તરીમાં)

૭. બૈકલ } સૈબીરિયામાં
૮. બલકાસ

૯- લોભનુર } તિબેટમાં છે.
૧૦ કોકોનુર
૧૧ પાલતેજ
૧૨ તેગ્રીનુર
૧૩ રાવણહૃદ
૧૪ માન

નામ.	શેહેર.	ક્યાંથી નીકળી.	ક્યાં મળી.
૧. સીંધુ.	પેશાવર, અટક, હેદ્રાબાદ, ઠઠ્ઠા, કરાંચી, લારખાના, સક્કર, ભક્કર, મીથુન કોટ, ડેરા ઇસ્મિાલખાં, ડેરા ગાજીખાં, કાલાબાગ, લે રોરી	હીમાલયમાંના-કૈલાસ શીખરમાંથીનીકળી	અરબી સમુદ્રને
૨. જેલમ.	કાસ્મીર, શ્રી નગર.	,,	સીંધુને મળેછે
૩. રાવી.	લાહોર, અમૃતસર	,,	,,
૪. બીઆસ	જલંદર,	,,	,,
૫. ચીનાબ.	મૂલતાન	,,	,,
૬. સતલજ.	લુધિઆના, અલીપાર, ભાવલપૂર, સરહિંદ	,,	,,
૭. ગંગા	ફરૂકાબાદ, મુર્શીદાબાદ, બનારસ, પટાણ, અલ્હાબાદ, કાનપૂર, મીરજાપૂર કલકત્તા, સીરામપૂર, ઢાકા, ચંદ્રનગર હરીદ્વાર, ભાગલપુર, મોંગીર.	ગંગોત્રી નામના શીખરમાં નીકળી.	બંગાળાના અખાતને
૮. હુગલી.	કલકત્તા, શીરામપૂર,	ગંગાની શાખા	બંગાળાના ઉપસાગરને
૯. જમના.	દીલ્હી, આગ્રા, ગોકુળ, મથુરાં	હીમાલયમાંથી.	ગંગાને
૧૦. ચંબલ	ધોળપુર, કોટા, ઇંદોર, જેપુર.	મારવાડમાંથી	જમનાને
૧૧. ગોગ્રા.	ઔદ (અયોધ્યા) ફૈજાબાદ.	સિવાલીક	ગંગાને મળેછે
૧૨. સોણ.	દીનાપુર, બક્સર, રાયગઢ.	મારવાડમાંથી.	,,

૧૩. ગોમતી	લખનૌ, ફૈઝાબાદ	હીમાલય	” જમનાને
૧૪. સીંધ	ગ્વાલિયર,	અરવલી	”
૧૫. કાલી.	મીરત,	હિમાલય	”
૧૬. રામગંગાં	બરેલી, રામપુર,	”	” ગંગાને
૧૭. બ્રહ્મપુત્રા.	ઢાકા, તેશુલંપુ, લાસા, જમાલપુર, ગોવરપારા	”	બંગાળાનાઅખાતને
૧૮. માહા	કટક, જગન્નાથ, સંબલપુર	સાતપૂડા પર્વત	”
૧૯, ગોદાવરી.	રાજમહેંદ્રી, ઔરંગાબાદ નાશક	પશ્ચિમઘાટ	”
૨૦. વેઇનગંગા	નાગપુર,	,	” ગોદાવરી
૨૧. કૃષ્ણા.	મચ્છલીપટ્ટણ, ગંતુર.	”	બંગાળાના
૨૨. મુશી.	હૈદ્રાબાદ, ગોવળકાંડા	”	કૃષ્ણાને
૨૩. તુંગભદ્રા	કર્નુલ, હમસાગર	”	”
૨૪. પનેર.	કુદાપા, નેલુર, બાંગલોર.	મૈહસુર	હિંદીમહાસાગર
૨૫. પલાર	વેલોર, આર્કાટ.	મૈહીસૂર.	”
૨૬. પનાર.	કુડલોર.	મૈહીસૂરના નંદી દૂર્ગમાં થી નીકળી	” ” ”
૨૭. કાવેરી	ત્રાન્કવીબાર, તાનજોર, ત્રીચીનાપલ્લી, શિરંગાપટ્ટણ, મ્હૈ-	કુર્ગમાંથી	”

	સૂર, તંજાવેર		
૨૮. તાપી.	સુરત, રાંદેર, બુરાનપુર	સાતપૂડામાંથી	ખંભાતના
૨૯. કીમ.	ઈલાવ, કઠોદરા	રાજપીપળા	,,
૩૦. મીંઢોળા	બારડોલી, વ્યારા	,,	પૂર્ણાને મળેછે
૩૧. પૂર્ણા.	નવસારી, બુહારી, વાલોદ	,,	અરબી સમુદ્રને
૩૨. અંબીકા	બીલી મોરો	,,	,,
૩૩. દમણગંગા	દમણ	,,	,,
૩૪. ઔરંગા	વલસાડ	,,	,,
૩૫. પાર.	પારનેરી	,,	,,
૩૬. કોલક.	બગવાડા	,,	,,
૩૭. કાવેરી.	ચીકલી	સાતપુડામાંથી	અંબીકાને
૩૮. નર્મદા.	ભરૂચ, મંડલેશ્વર, જબ્બલપુર, નાંદોદ	,,	ખંભાત
૩૯. ઢાઢર.	ટંકારીઆ આમોદ	,,	,,
૪૦. મહી.	ખંભાત, લુણાવાડા,	મારવાના પાહાડ માંથી	ખંભાતના
૪૧. વિશ્વામિત્રી	વડોદરા	પાવાગઢ	મહીને
૪૨. શેઢી.	ખેડા, ડાકોર, વાડાસીનોર	ડુંગરપુર	વાત્રકને
૪૩. વાત્રક	મેમદાવાદ, માંડવા	,,	સાબરમતીને

૪૪. મેશ્વો.	હરશોલ	,,	વાત્રકને
૪૫. ખારી.	દેશાસણ, લાલપુર	,,	સાબરમતીને
૪૬. માજુમ.	મોડાસાની પાશે છે	,,	૦
૪૭. સાબરમતી	અમદાવાદ, સાદરા, પેહાપુર.	અરવલી પાહાડમાંથી	ખંભાત
૪૮. સરસ્વતી	પાટણ, રાધનપુર, દાંતા,	,,	કચ્છનારણ
૪૯. બનાસ	રાધનપુર, ડીસા.	,,	,,
૫૦. શેત્રુજી	પાલીટાણા	શેત્રુજ્યપર્વત.	ખંભાત અખાત
૫૧. બ્રોગમતી	ખટમંડુ.	હિમાલયમાંથી	બ્રહ્મપુત્રા
૫૨. ગોદડા	ટયાસિટસુડન	,,	બ્રહ્મપુત્રા
૫૩. ઈરાવતી	રંગુન, પ્રોમ, આવા, માંડલો.	તિબેટના પાહાડ	બંગાળાના
૫૪. સ્લુએન	માર્ટાબાન, મુલમૈન.	,,	,,
૫૫. મીકોગ	કેમબોજા, સેગન, ઉદોંગ, લાંચેંગ.	,,	ચીનાઈ સમુદ્ર
૫૬. મૈનામ.	બાંકોક, યુથીઆ. (સિઆમ)	,,	સિઆમના
૫૭. ગંડાવા	ગંડાવા, ખીલાત.	હીદુકુશમાંથી	સીંધુને
૫૮. હરમંડ.	કંદહાર,	,,	સીસ્તાનસરોવર.
૫૯. કાબુલ.	કાબુલ, જલાલાબાદ.	,,	સીંધુને
૬૦. લોગર.	ગીઝની.	તારસ પર્વતમાં	ભૂમધ્ય સમુદ્રને

૬૧. સીહુન.	તારસસ, એડના.	તારસમાંથી	,,
૬૨. જોરડન	જેરીકો, ટાઇબીરીઆઝ.	લીબનાનમાંથી	મૃતસરોવરને
૬૩: કેડ્રન.	જેરૂસાલેમ.	,,	જોરડનને મળેછે
૬૪કીઝીલઇરિમાક	કૈસારીઆ, સીવાઝ.	તારાસમાંથી	કાળા સમુદ્રને
૬૫. યુફ્રેતીસ	એસોરા, હીલ્લા, (બાબીલન.) ઊર્ફા, અર્ઝરૂમ.	,,	ઇરાની અખાત
૬૬. તૈગ્રિસ	બગદાદ, મોસલ,	,,	ઇરાની અખાત
૬૭. સેજુર.	અલેપ્પો.	,,	તૈગ્રીસને મળે
૬૮. તોંકવીન	કેશો, (કેકાઓ)		પાસીફિક મહા સાગરને
૬૯. ચુકીઆંગ	મકાઉ, કંતાન.	નાનલીંગ માંથી	,,
૭૦: કવી.	કવીલીંગ.	કવેનલુનમાંથી	,,
૭૧: યાંગસિક્યાંગ	નાનકીંગ, ગેનકીંગ. વોચેંગ, યનાન.	તિબેટમાંથી	પીળા સમુદ્રને
૭૨. કેન	નાનચેંગ	,,	,,
૭૩. હેન	હેનકાવ	,,	,,
૭૪. હેંગ	ચેંગશા.	,,	પારસિફિકને
૭૫. મીન	ચીંગટુ.	પેલીંગમાંથી	યાંગસેક્યાગને
૭૬. હોઆંગહો	કેઈફોગ, લેનચાવો.	કુવેનલુનમાંથી	પીળા સમુદ્ર
૭૭. પેહ્હો.	પેકીન.	સુનલીગમાંથી	,,

૭૯. આમુર	સગ્રેલીઅનનૌલા, નર ચિન્સ્ક.	ચીનાઈતાતર	ઓકોટસ્કના
૮૦. સંગારી	કીરીનૌલા.	,,	આમુરનેમળેછે
૮૧. [illegible]ગોડા.	કીટા		,,
૮૨. લીના.	યાકુત્સ્ક.	આલતાઈમાંથી	ઉત્તરમાહાસાગર
૮૩. યેનીસી	યેનીસીસ્ક, ઉરગા.	,,	,,
૮૪. અંગારા	ઈર્કુત્સ્ક	,,	યેનીસીને
૮૫. ઓબી	બેરઝોવ, તોમ્સ્ક	,,	ઉતર માહાસાગર
૮૬. ઇર્ટીશ	તોબોલ્સ્ક, ઓમ્સ્ક	,,	ઓબીને મળેછે
૮૭. કુર.	તીફલીસ	આરમીતીઆમાં	કાસ્પીયનને
૮૮. એરાઝ	અર્ઝેરૂમ. એરીવાન	,,	કર નદીને મળેછે
૮૯. આમુ	ખીવા, કુન્ડઝ.	શ્રીરીકોલમાંથી	આરલસરોવરને
૯૦. કોહીક	બોખારા, સમરકંદ	,,	આમુ મળેછે
૯૧. સીરદરીઆ	તાસ્કન્ડ, ખોકાન.	બેલુરતાગમાંથી	આરલ સરોવરને

દરિયા કિનારાપરના બંદરો.

૧ મલબાર	મુંબઈ, રત્નાગીરી, પાનજીમ, ગોવા, મેંગલુર, કાનાનોર, ટલીચરી, કાલીકટ, કોચીન એમાં મોટા મોટા વાહાણો બધાય છે.
૨. કોરોમાંડલ.	ગંજામ વિશાગાપટ્ટણ મચ્છલીપટ્ટણ મદ્રાસ પોંદીચરી કડલુર નીગાપટ્ટણ તુતીકોરીન
૩. ગુજરાતનાબંદરો	ખંભાત ભરૂચ સૂરત વલસાડ-દમણ
૪. કાઠિયાડના બંદરો.	ઘોલેરા, ભાવનગર, ઘોઘા, દીવ જાફ્રાબાદ વેરાવળ માંગરોળ પોરબંદર દ્વારીકા
૫. કચ્છ.	માંડવી મુદ્રા.
૬. સીંધ.	કરાંચી બંદર.
૭. ઇરાનનોદક્ષિણ કિ.	બુશીર. ગોમ્બ્રુન
૮. અરબસ્તાનની પૂર્વે.	મસ્કત લેકસા.
૯. અરબસ્તાન દક્ષિણ.	ડન, મકાલાહ.
૧૦.અરબસ્તાન પશ્ચિમે	સુવેઝ અકાબા. જીડહા મકકા મોખા.
૧૧. સિરિઆનોકિનારો	ત્રીપોલી બાઇરૂટ સીડન ટાયર એકર ગાઝા લટકીઆ.
૧૨. એશિઆ મૈનરનો	સ્કુટારી ાસ્મર્ના.
૧૩. એશઆ મૈનરનો ઉત્તર કિનારો.	ત્રેબીઝાંડ સીનોપ પોતી,
૧૪. બ્રિટિશબર્માનાબંદરો.	ચીતાગોંગ આરાકાન જ્યોર્જટાઉન
૧૫. મલાકાની સામુદ્રધુની.	પીનાંગ મલાકા સીંગાપૂર
૧૬. ચીનનોપૂર્વકિનારો	મકાઉ હોંગકોંગ કંતાન સ્વેટો એમોય ફુચુ નીંગપો સાંગહાય નાનકીંગ સુચુ.

૧૭. સૈબીરીઆની પૂર્વે	ઓકોટસ્ક પેટ્રાપાલૈસ્ક.
૧૮. કાસ્પીઅનની દક્ષિણે.	રેસ્ટ આમોલ અસ્ત્રાબાદ.
૧૯. લંકાનો કીનારો	કોલંબો, ગેલી, ત્રીકોમાલી.
૨૦. જાપાન	યોકોહામા, હેગોડેટ.

પ્રકરણ ૩ જું.

હિંદુસ્થાન.

હદ ઉત્તરે હિમાલય અને તિબેટ પશ્ચિમે અફગાનિસ્તાન, બલુચિસ્તાંન અને અરબી સમુદ્ર દક્ષિણે હિંદી મહાસાગર પૂર્વે બંગાળાનો ઉપસાગર ને બ્રહ્મદેશ.

હિંદુસ્થાનના મુખ્ય ૧૪ ભાગ પાડયા છે.

૧ મુંબાઈ ઈલાકો, ૨ મદ્રાસ ઇલાકો, ૩ મ્હૈસુર અને કુગના સંસ્થાન. ૪ વરાડ સહીત હૈદ્રાબાદ. ૫ મધ્યપ્રાંતો. ૬ મધ્ય એજન્સી સંસ્થાનો. ૭ રજપુત સંસ્થાન. ૮ પંજાબ. ૯ વાવ્ય પ્રાંતો. ૧૦ અયોધ્યા. ૧૧ બંગાળા. ૧૨ આશામનો મુલક, ૧૩ નેપાલ, ભુતાન અને બીજા સ્વતંત્ર પહાડી મુલક ૧૪ પોર્તુગીઝને ફ્રેન્ચના સંસ્થાનો.

હિંદુસ્તાનના બેટો.

૧.	લંકા	હિંદુસ્તાનની દક્ષિણે.
૨.	લક્ષદ્વીપ	મલબાર કીનરાથી પશ્ચિમે ૧૫૦ મૈલછે.
૩.	માલદ્વીપ	લક્ષદ્વીપની દક્ષિણે.
૪.	રામેશ્વર	હિંદુસ્તાનને લંકા વચ્ચે.
૫.	રામરી	બ્રિટીશ બ્રહ્મદેશની પશ્ચિમે.
૬.	ચંદુબા.	બ્રિટીશ બ્રહ્મદેશની પશ્ચિમે.

૭.	આન્ડામાંન	બંગાળી ઉપસાગરમાં, નીગ્રેસ ભુશીરની દક્ષિણે.
૮.	નીકોબાર	
૯.	મર્ગી સમુહ	બ્રિટીશ બ્રહ્મદેશની દક્ષિણે.
૧૦.	મુંબઇ	અરબી સમુદ્રમાં
૧૧.	સાલશેટ. (સાષ્ટી)	

સરોવર.

૧.	ચિલ્કા	ઓરીસીઆમાં.
૨.	કોલેર	ગોદાવરીને કૃષ્ણા વચ્ચે.
૩.	પુલીકત	મદ્રાસની ઉત્તરે ૩૦ મૈલ છે.
૪.	સમ્ભર	રજપૂતાનામાં ખાસ પાણીને વાસ્તે.
૫.	ડીડવાના	
૬.	સર	
૭.	રેન	કચ્છમાં
૮.	મન્ચર	સીંધમાં
૯.	વલર	કાશ્મીર.

સમુદ્રો, ચાખાત, સામુદ્રધુની.

૧.	ખંભાત.	પશ્ચિમકાંઠે.
૨.	કચ્છ.	
૩.	મનાર.	હિંદુસ્તાનને સીલોનની વચ્ચે.
૪.	પેંબનનો રસ્તો.	
૫.	પાકસામુદ્રધુની.	
૬.	માર્ટાબાન	અંગ્રેજના બ્રહ્મદેશની દક્ષિણે.
૭.	ફોલ્સ અખાત	
૮.	બાલાસોરનોરસ્તો	
૯.	અરબી સમુદ્ર	હિંદુસ્તાનની પશ્ચિમે.
૧૦	બંગાળા સમુદ્ર	હિંદુસ્તાનની પૂર્વે.

ભુશિર.

૧. કેપ કોમોરીન (કન્યાકુમારી)	હિંદુસ્તાનની દક્ષિણે
૨. જગતપોઈંટ	પશ્ચિમબીંદુ.
૩. દીવ	કાઠીઆવાડની દક્ષિણે.
૪. મોંઝ	સીંધમાં ને હિંદુસ્તાનનું સર્વથી પ-શ્ચિમ બીંદુ.
૫. કેલિમીઅર	હિંદુસ્તાનની અગ્નિ કોણમાં.
૬. નીગ્રેસ	બ્રીટીશ બ્રહ્મદેશની નૈરત્યે છે.
૭. પાલ માયરા	મહાનદીના મુખની ઉત્તરે.

કિનારા.

૧. મલબાર.	હિંદુસ્તાન નૈરત્ય કોણમાં.
૨. કોરોમાંડલ.	અગ્નિકોણમાં

પર્વતો.

૧. હીમાલય.	હિંદુસ્તાનની ઉત્તરે.
૨. સીવાલિક.	નેપાલને ભુતાન દક્ષિણે.
૩. આરાવલી ૪. આબુ.	રજપુતાનામાં
૫. વિંધ્યાચળ.	નર્મદાના ખીણની ઉત્તરે.
૭. ચંદુર (ગ્વાલગઢ)	દક્ષિણના મેદાનની ઉત્તરે.
૮. પશ્ચિમઘાટ (સહ્યાદ્રી)	તાપીથી કન્યાકુમારી સુધી ગયોછે.
૯. પૂર્વઘાટ	મહાનદીથી
૧૦. સીવીરોઈ ૧૧. પાલનાઈ ૧૨. જોમરોઈ	પૂર્વમાં છે.
૧૩. ઓમા	આરાકાનને બ્રહ્મદેશની વચ્ચે છે.
૧૪ સીઆમીઝ	તીનાસરીમ અને શીઆમની વચ્ચે.

૧૫. સુલેમાન પંજાબની પશ્ચિમે.
૧૬. હાલા. સીંધની પશ્ચિમે.

નદીઓ.

૧. બ્રહ્મપુત્રા હીમાલયમાંથી નીકળી એટલે સાંપૂને આશામમાં ડીહોંગ નામથી ઓળખાય છે ને આગળ તેને બ્રહ્મપુત્રા ને જ્યારે તે દરીયાને મળે છે ત્યારે મેગ્ના કહે છે ને તેની સાખા દીખુ સુરમા (બારક) ગુમતી, નીલ્કોમાર, તીસ્તાછે.

૨ સીધુ. હિમાલયમાંથી તેને પંજાબમાં જેલમ, ચીનાબ રાવી, બીઆ, સતલજ વીગેરે એકઠી થઈ પંચનદ નામની નદી પૂર્વે સીંધુને મળે છે ને સીઆયોકને કાબુલ પશ્ચિમે મળ્યા પછી તે સીંધમાં થઇને અરબી સમૂદ્રને મળે છે.

૩. ગંગા હીમાલયમાંથી નીકળે છે અને જમનાને ચંબલ, સીંધ ને નીવાર મળે છે ને તે ગંગાને મળે છે ને પછી શોણ, રામગંગા, કુશી મળ્યાં પછી તેનું નામ ભાગીરથી પ-ડી ને બંગાળી સમુદ્રને મળે છે

૪. મહા નદી નોગાડામાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે.

૫. ગોદાવરી નાશીક આગળથી નીકળી તેને માજીરા, પુર્ણા, પ્રાણુહીતા, પેનગંગા; વેનગંગા; ઇંદ્રાવતી મળ્યા પછી તે બંગાળાના ઉપસાગરને મળેછે.

૬. કૃષ્ણા (કાલીનદી) મહાબળેશ્વર આગળ ઉત્પન્ન થઇ તેને મલપ્રભા તુંગભદ્રા (તુંગ અને ભદ્રા) અને ભીમા તેને મળે છે ને પછી તે બંગાળાના ઉ-

પસાગરને મળે છે.

૭. કાવેરી કુર્ગમાંથી ઉત્પન્ન થઇ બંગાળાના ઉપસાગરને મળે છે.

૮. તાપી બૈતુલ આગળથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.

૯. નર્મદા. અમરકંટકમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે.

૧૦. પનેર મ્હૈસુરમાં ચંદ્રદુગમાંથી ઉત્પન્ન થઈ બંગાળી ઉપસાગરને મળે છે.

૧૧. પલાર મ્હૈસુરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે.

૧૨. પન્નાર મ્હૈસુરમાં નંદી દુર્ગપર્વતમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે.

પ્રકરણ ૪ થું.

—:o:—

મુંબાઇ ઇલાકો.

મુંબાઇ ઇલાકાના પાંચ ભાગ કર્યા છે, ઉત્તરથી શરૂ કરતાં સિંધ, કચ્છ, ગુજરાત, માહારાષ્ટ્ર (એમાં દક્ષિણને કોકણ એ બે છે) ૫. દક્ષિણ માહારાષ્ટ્ર.

એ ઇલાકાની રાજધાની મુંબાઈ છે તે પોર્તુગીઝના રાજાએ ઇંગ્લાંડના બીજા ચાર્લ્સ રાજા જોડે ૧૬૬૧ માં પોતાની છોડી કેથેરાઇનનું લગ્ન કર્યું તેમાં પેહેરામણી દાખલ તે બેટ આપ્યો, હજી દીવ દમણ ને ગોવા પોર્તુગીઝના તાબે છે, અને ગુજરાતનો ઘણો ખરો ભાગ ગાયકવાડની પાશેથી મળેલો છે, માહારાષ્ટ્ર ને દક્ષિણ માહારાષ્ટ્ર

પેશ્વા પાસેથી ઈ૦ સ૦ ૧૮૧૮ માં જીતી લીધા. ઉત્તર કાનડા મદ્રાસ ઈલાકાનો ભાગ હતો. તેને ૧૮૬૧ માં મુંબઈ ઈલાકામાં ભેરવી દીધો. સીંધ દેશ ત્યાંના અમીર પાસેથી ઈ૦સ૦ ૧૮૪૩ માં ઈગ્રેજ સરકારે સરચાર્લ્સ નેપાયર જીતા લીધો. અને તેના ૭ ભાગ પાડયા છે.

૧. સીંધ પ્રાંત.

૧. ૧સિંધનો ઉપલો સરહદનો મુલક	જેકબાબાદ.
૨. શીકારપૂર.	શિકારપુર શકકર બકકર રોરી.
૩. હૈદ્રાબાદ	હૈદરાબાદ (સોપારી છીકણીની દાબડીઓ અને હથીઆર થાય છે) હાલા, કોટ, મીઆની (હૈદરાબાદથી છ મૈલ અને ઈગ્રેજો અને અમીરોની ઇ. સ. ૧૮૪૩ માં લડાઇ થઈ હતી)
૪. કરાંચી	કરાંચી (આને કોઈ વખતે હીંદુસ્તાનનું લીવરપુર કહે છે અને ત્યાં લશ્કર છાવણી રહે છે) નગર ઠઠ્ઠા.
૫ થરપારકર	ઉમરકોટ (ઈ. સ. ૧૫૪૩ માં ત્યાં મહાન અકબર જન્મ્યો હતો). નગરપાર્કર.
૬. ખૈરપૂર	ખૈરપુર (માટીની કોઠીઓ)

૨. કચ્છ	ભુજ (એ રાજધાની છે અને ઈ૦ સ૦ ૧૮૧૯ ના જુન મહીનામાં કિલ્લો અને શહેર તે બંને ધરતીકંપથી નાશ પામ્યા હતા) માંડવી (દક્ષિણ કિનારે બંદર) અંજારને લખપત.

૩. ગુજરાત

૧. સુરત	(પેહેલાં તે વેપારનું બંદર હતું અને ત્યાં લોકોએ ઈ૦ સ૦ ૧૬૧૫ કોઠી કરી અને ઈષ્ટ ઈન્ડીઆ કંપની કરી.) રાંદેર વલસાડ.
૨. ભરૂચ	ભરૂચ મોટા જહાબંધ રૂ પરદેશ ખાતે જાય છે.
૩. ખેડા	ખેડા (પેહેલાની રાજધાની) નડીઆદ ઊમરેઠ
૪. પંચમહાલ	ગોધ્રા, દાહોદ
૫. અમદાવાદ	અમદાવાદ (ઇ૦ સ૦ ૧૪૧૧ સૂલતાન અહમદે વસાવ્યું) ધોલેરા (રૂનું બંદર) ધંધુકા, ઘોઘા, (તેની પાસે પીરીમ બેટ છે)
૬. કાઠિયાવાડ એજન્સી.	રાજકોટ (રાજધાણી) દ્વારકાં (પશ્ચિમ કાંઠે બંદર અને જાત્રાનુ ઠેકાણું છે) ધાંગદ્રા જુનાગડ, નવાનગર, સોમનાથપટણ અહીઆં આગળ (૧૦૨૪માં ગીઝનીના સુલતાન મહમદે ચડાઈ કરી હતી અને પૂષ્કળ ધન લઈ ગયો હતો અને તે બંદર જાત્રાનું ઠેકાણું) પોરબંદર
૭. પાલનપૂર એજન્સી.	પાલનપુર, ડીશા, (લશ્કર રહે છે) અને રાધનપુર
૮. મહકાંઠા એજન્સી.	સાદરા, ઇદર
૯. રેવાકાંઠા	નાદોદ, બારિયા લુણાવાડ.,
૧૦. ગાયકવાડ સંસ્થાન.	વડોદરા (ગાયકવાડની રાજધાની) પાટણ (આ શેહેર અગાઉ ગુજરાતની રાજધાની અને તે વનરાજ ચાવડાએ વસાવ્યું છે) ડભોઈ, (ઘણું જુનું શેહેરછે) નવસારી.

૧૧ ખંભાતસંસ્થાન.	ખંભાત (નવાબને તાબેજીનું શેહેરછે.)
૧૨. પંચમાહાલ એજન્સી.	નારૂકોટ
૧૩. સુરત એજન્સી	વાંસદા, ધરમપુર, સચીણ

૪. માહારાષ્ટ્ર

૧. કોકણ

૧. થાણા જીલ્લો	થાણા, કલ્યાણી (ચાલુકય વંશના રાજાના રાજધાની)
૨ જવાર સંસ્થાન	જવાર
૩ કોલાબો જીલ્લો	અલીબાગ
૪ જંજીરા સંસ્થાન	જંજીરા
૫ રત્નાગીરી	રત્નાગીરી વીંગુરલા
૬ સાંવત વાડી	સાંવતવાડી

૨ દક્ષિણ.

૧ ખાનદેશ	ધુલીઆ, માલેગાવ, કોપ્રા
૨ નાશક	નાશક (જુના હિંદુ લોકોના દેરાંઓ છે) ત્રંબક (જાત્રાનું ઠેકાણું છે અને ત્યાંના જળપાત્ર વખણાય છે)
૩ પેંઠ સંસ્થાન	પેંઠ (પાઘડીઓ)
૪ અહમદનગર	અહમદનગર
૫ પુણા	પુણા (લશ્કર રહે છે) માહાબળેશ્વર (હવાનુ ઠેકાણું છે) પંઢરપુરે (જાત્રાનું ઠેકાણું છે અને૧૮૧૫માં ગંગાધર શાસ્ત્રી મરણ પામ્યો હતો)
૬ સતારા જીલ્લો	સતારા, ભોર, ફલઠન, ઔંધ, જત
૭ સોલાપુર	સોલાપુર બારસી (રૂનું મથક છે
૮ અકલકોટ	અકલકોટ

દક્ષિણ માહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા

કલાદગી	કલાદગી બીજાપુર (તેજ રાજ્યની રાજધાની હતી.)
બેલગામ	બેલગામ હુગલી (રનુ બંદર)
કોલાપુર	કોલાપુર
દક્ષિણ માહારાષ્ટ જાગીર	સાંગલી જમખંડીવાડ મીરજ કુરૂદડ ભુધોળ રામદુર્ગ
ધારવાડ	ધારવાડ બંકાપુર (રનું મથક)
સાવતુર	સાવતુર
કાનડા	કારવાડ (સદાશીવગડ) હુનાવર કુમતા

કચ્છ.

ઉત્તર, પૂર્વેને અગ્ની કોણમાં રણ દક્ષિણે અને નૈરૂત્ય કોણમાં કચ્છી, અખાત અને અરબી સમુદ્ર વાવ્ય ખુણે સીંધુ નદીની પૂર્વશાખા.

મુખ્ય ડુંગરો. કાળો, રાયમલરો, લકકી, ધોળો, મીલવો, મોણવો, ખડીર.

બીજીહાર	ઝારોક રોકાસમ, ધીણોધર
ત્રીજીહાર.	રોહાની, ચીત્રાણો નનામો, ખાડવા

મૂખ્ય વેહેરા નાગમાંથી	ચાડવામાંથી.	કચ્છી અખાત
રૂકમાવતી.	ચાડવામાંથી.	માંડવીની નાળ
ખારી.	„	રણુનેમલેછે

મુખ્ય સોળ પ્રગણા કયાં છે તેના નામ.

પાવર, મીઆણી, બન્ની, પશ્ચિમ, ખડીર, વાગડ, અંજાર ચોવીસી, ભુવડ ચોવીસીં, હાલાચોવીસ કાઠી, મોડાસા, અબડાસા, ગરડો, કંઠ, માંક, પ્રાંથલ.

શેહેર ભુજ રાવ ખેંગારે વસાવ્યું છે અને બીજું માંડવી એમાં વાહાણુ જવા આવવાને વાસ્તે દીવાદાંડી બાંધીછે. ૩. મુદરા ૪. લખપત ૫. જખૌ ૬. તુના એ બંદરો ૭.

અંજાર ૮. રાપર ૯. અધોઈ એ મોરબીના રાજાને તાએ છે ૧૦. ભચૌ ૧૧. બેલા ૧૨. નળીઆ ૧૩. કઠોરા ૧૪. તેરા ૧૫. સુમરીરોડ ૧૬. ભદ્રેસર ૧૭. કેરા ૧૮. કંથકોટ એ નાગરો છે એમાં પહેલા ચાર જૈનના દેરાંછે.

ગુજરાત.

ગુજરાતનાં મૂખ્ય પાંચ ભાગ કર્યા છે
સુરત જીલ્લો, ભરૂચ જીલ્લો, ખેડા જીલ્લો, પંચમહાલ,
અને અમદાવાદ.

૧. સુરત જીલ્લો	સુરત, રાંદેર, વલસાડ
૨. ભરૂચ	ભરૂચ
૩. ખેડા	ખેડા, નડીઆદ, ઉમરેઠ
૪. પંચમાહાલ	ગોધ્રા, દાહોદ
૫. અમદાવાદ	અમદાવાદ, ધોલેરા, ધંધુકા

સુરત જીલ્લો.

હદ. ઉત્તરે કીમ નદી પુર્વે ગાયકવાડનો મુલક તથા પાસદાને ધરમપુરના રાજ્યો દક્ષિણે દમણ ગંગા પશ્ચિમે ખંભાતનો અખાત.

મુખ્ય ડુંગર પાલનેરા.

નદીઓ.	નીકળે છે	મળે છે	મુખ્ય શેહેરો
તાપી.	સાતપુડામાંથી	અરબી સમુદ્ર.	સુરત બુરાનપૂર રાંદેર
કીમ	રાજપીપળા	ખંભાતી અખાત	ઈલાવ કઠોદરા

મીંઢોળા—બારડોલી.
પુર્ણા.—નવસારી. બુહારી, વાલોદ.
અંબીકા.—બીલીમોરા.
પાર.—પારનેરા
કોલક.—બગવાડા.

એ જીલ્લાના મુખ્ય ૮ તાલુકા કર્યાં છે.

તાલુકા.

૧. પારડી.	૨. વલસાડ.
૩ ચીકલી.	૪. જલાલપોર
૫. બારડોલી.	૬. માંડવી.
૭ ચોર્યાશી.	૮ ઓરપાડ.

૧ પારડી.

ઉત્તરે પારનદી, દક્ષિણે દમણગંગા પૂર્વે ધરમપુરનું રાજ્ય પશ્ચિમે અરબી સમુદ્ર.

નદી. પાર, કોલક, દમણગંગા, ખાડી, કોથલ, પરીઆલી

મુખ્યશેહેર. બાલદા પારડી, બગવાડા, કોલક નદીને કાંઠે છે. ૩ કુંતા, કુંતેશ્વર માહાદેવની જાત્રા છે અને ત્યાં મીઠા ખાતાનો અધિકારી રહેછે. ૪ ઉદવાડા, પારશી લોકની જાત્રાનું ઠેકાણું. કોલક, ઉમરસાડી વીગરે.

મુખ્ય સ્ટેશન. વાપી, ઉદવાડા, પારડી.

૨ તાલુકા વલસાડ.

નદી. ગણદેવી, (અંબીકા) વાવ્યકોણમાં વહે છે, કાવેરી; ખરેરાની નૈરૃત્ય દીશાએ છે. ને તે કાવેરીને મળે છે. ઓરંગા, પાર, ખાડીયો. વામ, કોલાઈ.

ગામો. ૧ વલસાડ એ તાલુકાનું મુખ્ય. ૨ છરવાડા મીઠું પાકે છે. ૩ મડેલી. ૪ માલવેણ ૫ ઉંડાચ ૬ બીધરી ૭ કોસંબા. ૮ હરીઆ વીગેરે. ૯ પારનેર એ પાર નદીપર કિલ્લો છે.

સ્ટેશન. હરીઆ, વલસાડ, ડુંગરી.

૩. ચીકલી.

નદીઓ. અંબીકા, કાવેરી એ નદીનો અબીકા જોડે

સંગમ થાય છે. ખરેરા, ઓરંગા એ તાલુકાની દક્ષિણે છે.

ગામ. ચીકલી દેગામ, ખેરગામ, આલીપોર.

૪ જલાલપોર.

નદીઓ. ૩. પુર્ણા, ૬. અંબીકા.

ખાડીઓ. કનાઈ, ખુટારા, કરકસ્વા, બનેવ.

ગામ. જલાલપુર. મટવાડ, અબરામા, અમલસાડ, કછોલી. આટ, ખરસાડ અષ્ટગામ, પનાર, સીસોદરા,

સ્ટેશન. અમલસાડ, નવસારી, બીલીમોરા.

૫ બારડોલી.

નદીઓ. તાપી, મીંઢોળા, પુર્ણા.

ગામ. બારડોલી, મીંઢોળાને કાંઠે ૨ કડોદ તાપીને કાંઠે છે. ૩ સરભોણ, ૪ વાલોડ ૫ મોતા. ૬ વરાડ. ૭ બુહા-૮ દેગામ. ૯ વાંકાનેર. ૧૦ કવાસ.

૬ માંડવી.

આ તાલુકાના સાત ભાગ છે. માંડવી, બહુધાન, પાતલ, દેવગઢ, દધવાડા, હવેલી, બારગામ.

નદીઓ. તાપી, દક્ષિણે વહે છે. ૨ વહે નદી. રાજ પીપળાના ડુંગરમાંથી નીકળી તાપીને મળે છે.

ગામ, માંડવી, બહુધાન, માંબારે, બારે વરસે જાત્રા ભરાય છે. ઘંટોલી, તડકેશ્વર વીગેરે.

૭ ચોર્યાસી.

સંગમ. સુરત તાપી નદીને કાંઠે છે એમાં ઘણા અમલદાર રહે છે. એમાં સંચા તથા છાપખાના તથા લાઇબ્રેરીઓ છે. શહેરનો મજબુત કીલ્લો તાપી નદીને કીનારે આવ્યો છે. એ નદીના સામે તીરે રાંદેર નામ કસ્બો છે, કતારગામ, ભાઠા, કુંભારીઆ, ઉમરા વીગેરે.

સ્ટેશન. સુરત, સચીન.

૮ ઓરપાડ.

નદી. ઉ. કીમ. દ. તાપી. સીના એ અરબી સમુદ્રને મળેછે.

ગામ. ઓરપાડ, કુડ્સદ, ભગવાદાંડી, અડાજણ, સુહાલ અમરોલી કોસાડ. વરાછા, સરસની પાશે સીદ્ધનાથ મહાદેવની જાત્રા હર વરસે ભરાય છે. મોરામાં કુવાની જાત્રા ભરાય છે. સ્ટેશન કીમ, અમરોલી, સાયણ.

ભરૂચ જીલ્લો.

ઉત્તરે મહી. પૂર્વે. ગાયકવાડનો મુલક, દક્ષિણે કીમ. પશ્ચિમે ખંભાતનો અખાત.

તાલુકા. ભરૂચ. અંક્લેશ્વર, વાગરા. આમોદ જંબુસર.

ભરૂચ તાલુકો.

મુખ્ય બેટ. ધંતુરીઆ, કાસવા.

નદીઓ. નર્મદા સાતપુડામાંથી નીકળી ખંભાતને મળે છે. એમાં જાત્રા ભરાય છે. સ્ટેશન. અમારગામ, પાલેજ, ભરૂચ.

ગામ. ભરૂચ. નર્મદાને કાંઠે ૨ ઝાડેશ્વર, ૩ નીકોરા ૪ શુકલતીર્થ. ૫ સાહબા. ૬ ઝણોર. ૭ ટંકારીઆ. ૮ પારખેત. ૯ અમલેશ્વર. ૧૦ તવરા. ભાડભુતની. ૧૯ વરસે જાત્રા ભરાય છે,

૨ અંકલેશ્વર.

નદી. કીમ. ઉમરાવતી. રાજપીપળાના ડુંગરમાંથી નીકળી નર્મદાને મળે છે.

ખાડી વંઠ. ગામ અંક્લેશ્વર. હાસોટ, દીવા, માંડવા, બુજુર્ગ, ઈલાવ, ફતપુર સીસોદરા વીગેરે.

૩ વાગરા.

ખાડી. ભુખી. ગામ. દેહેજબારા, ગંધાર, વિલાયત, લખીગામ.

૪ આમોદ

નદી. ઢાઢર, ઉત્તરે વહે છે.

ખાડીઓ. આછોદ, રૂપારેલ, ગોપાલ.

ગામ. આમોદ, કેરવાડા, માતર, સરભોણ, ઇખર, રોજા ટંકારીઆ.

૫ જંબુસર.

નદી. મહી માળવામાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. ઢાઢર ખંભાતના અખાતને મળે છે.

ગામ. જંબુસર, (ટંકારીઆ, દેગામ બંદર) ગજેરા કાવી, વેડચ. સારોદ વગેરે.

ખેડાજીલ્લો

ઉત્તરે. અમદાવાદ જીલ્લો. ગાયકવાડ અને મહીકાંઠા રેવાકાંઠા, વાંસદાનું રાજ્ય પૂ. દ. મહી, પંચમહાલ ગાયકવાડનો મુલક, પશ્ચિમે ખંભાતનું રાજ્ય.

નદીઓ. ૧ મહી	માળવાના પર્વત	ખંભાતના અખાત
૨. વાત્રક		સાબરમતી
૩. મેશ્વો.		વાત્રકને.
૪. શેઢી	ઉત્તરના ડુંગરામાંથી	વાત્રકને.
૫ મોહોર.		શેઢીને.
૬. ખારી.		સાબરમતીને.

આ જીલ્લામાં સાત તાલુકા છે તેના નામ.

૧ કપડવણ. ૨ ઠાસરા ૩ નડીઆદ. ૪ મહેમદાવાદ. ૫ માતર. ૬ આણુંદ. ૭ બોરસદ.

૧ કપડવંજ.

નદીઓ. મોહોર કપડવંજ પાસે વહે છે. ૨ વાત્રક અપરજી પાસે છે. ૩ વરાસી મોહોરને મળે છે.

ગામ. કપડવંજ કાચ સાબુ વાસ્તે પ્રખ્યાત છે. ૨ આંતરોલી. ૩ કઠલાલ ૪ છીપડી ૫ તોરણા, ૬ લસુંદ્રામાં ઊના પાણીના કુંડ છે.

૨ ઠાસરા.

નદીઓ—૧ મહી ઉત્તરે છે ૨ શેઢી ઉત્તરના ડુંગરમાંથી નીકળી મોહોરને મળેછે. ગળતી—

ગામ ડાકોર એમાં રણછોડજીનું મંદીર છે ને તે ગોમતી તળાવને કાંઠે છે ને ત્યાં હર પુનમે લોકો જાત્રા જાય છે. ૨ જનોડ, ૩ પડાળર, ૪ કાલસ વીગરે. સ્ટેશન ડાકોર, ઠસરા, પાલી.

૩ નડીયાદ.

નદીઓ—શેઢી વાત્રકને મળે છે, ૨ મોહોર શેઢીને મળે છે. લુણી શેઢીને મળે છે.

ગામ—નડીઆદ, અલીણા, ચુણેલ, મોહોલેલ, ઉત્તરસંડા, ચકલાસી, નરસંડા, ડભાણ, વડતાલમાં સ્વામીનારણનું મંદીર છે.

૪ મેમદાવાદ.

નદીઓ—ખારી સાબરમતીને મેશ્વો વચ્ચે છે ૨ વાત્રક સાબરમતીને મળે છે. ૩ મેશ્વો વાત્રકને મળે છે ને વાત્રકને શેઢીના સંગમપર ખેડા છે. ૪ શેઢી વાત્રકને મળેછે.

ગામ ખેડા વાત્રકને શેઢીના સંગમપર છે, ૨ મેમદાવાદ મહમદબેગડાએ વસાવ્યું અને તે રેલવે સ્ટેશન છે. અને ભમરીઓ કુવો ને વાત્રકને કાંઠાપરનો રોજો જોવા

લાયક છે, ૩ શુંજ ૪ મહીજ, ૫ સરસવણી, ૬ કની-જ, ૭ રૂદણુ વીગરે.

૫ માતર.

નદી—સાબરમતીની પશ્ચિમે છે. વાત્રક સાબરમતીને મળે છે.

ગામ—માતર, રંઢુ, લિંબાસી, ત્રાજ.

૬ આણુંદ.

નદી—મહી પુર્વે છે.

ગામ—ઉમરેઠ રેલવેનું મથક છે. ૨ આણુંદ ડાકોર રેલવેની શાખા ત્યાં આગળ મળે છે. ૩ નાપાડ, ૪ કરમસદ, ૫ ઓડ, ૬ સારસા, ૭ બોરીઆવી, ૮ સામરખા, ૯ ચીખોદ્રા, ૧૦ થામણા, ૧૧ સંડલપુર, ૧૨ વાસદ રેલવે સ્ટેશન છે.

૭ બોરસદ.

નદી—મહી ખંભાતના અખાતને મળે છે.

ગામ—બોરસદ, આંકલાવ, ભેટાસી, વીરસદ, અલારસા, રાસ, દાવોલ, દેહેવાણુ, પીપળાવ, સુણાવ.

૪ પંચમહાલ

ઉ. લુણાવાડા, સુંથ, સંજેલી, પૂર્વે બારીઆનું રાજ્ય દ. ગાયકવાડ. પ. ગાયકવાડનો મૂલક.

પર્વત—પાવાગઢ.

નદી—મહી.

તાલુકા.	ગામો.
ગોધ્રા.	ગોધ્રા, સેહેરા.
કાલોલ.	કાલોલ, હાલોલ, વેજલપુર
દાહોદ.	દાહોદ, ઝાલોદ.

અમદાવાદ જીલ્લો.

દક્ષિણે તથા પશ્ચિમે કાઠિયાવાડ, ઉત્તરે ગાયકવાડનો મુલક, પૂર્વ, અગ્નીકોણે ખેડા જીલ્લો.

નદી—સાબરમતી અરવલીના પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે.

તાલુકા—પ્રાંતીજ, વીરમગામ, ઘોળકા, દસક્રોઈ, ધંધુકા, ઘોઘા, સાણંદ. (પાટડીને માંડળ) પેટા તાલુકા છે.

પ્રાંતીજ.

નદી—સાબરમતી, હાથમતી, વાત્રક, માજુમ, ખારી, મેશ્વો.

ગામ—પ્રાંતીજ, ઓરાણ, ગાબડ, ધનસુરા, ચોઈલા, દેહેમાઈ, મોડાસા, બાયડ, હરસોલ, દેશાશણ લાલપુર.

વીરમગામ.

તળાવ—મુનસર, ગંગાસર, એ સિદ્ધરાજ જયસિંગે બંધાવેલું છે.

ગામ—વીરમગામ, દેત્રોજ, ઓગાણ, ગોરીયા, રાણપુર, સીતાપુર, માંડલ, પાટડી, ખારાઘોડામાં મીઠું પાકે છે, સ્ટેશનો પાટડી, ખારાઘોડા, વીરમગામ, આ તાલુકામાં દરજીનું કામ સારૂં વખણાય છે.

ધોળકા.

સરોવર—દુરગો, મેણી, અને નળ એનું પાણી ખારૂં છે.

ગામ—ધોળકા, બાવળા, ચલોડા, ગાંગડ, બદરખા, સરોડા, કોઠ, અને વૌઠા એમાં કાર્તકશુદ પુનમે મેળો ભરાયછે.

દસક્રોઈ.

નદીઓ—સાબરમતી, મેશ્વો, ખારી.

ગામ—અમદાવાદ સાબરમતીને કાંઠે છે. ઇ૦ સ૦ ૧૪૧૧ માં મહમદ સુલતાને એ શેહેર બંધાવ્યું હતું અને હાલ તે ગુજરાતની રાજધાની ગણાય છે. એમાં ઘણા અમલદારો અને શાહુકારો વસે છે. શેહેરની પાસે તોપખાનું રહે છે. તે-

માં મુખ્ય જુમામસીદ, ત્રણ દરવાજા, ભદ્ર, મિશનસ્કુલ. પ્રાર્થના સમાજનું મંદિર, કાકરીયું તળાવ, શાહઆલમનો રોજો, માતરભવાનીની વાવ, દાદાહરીની વાવ, અડાલજની વાવ, મલેકસાબાનું તળાવ, વટવાનોરોજો, પીરાણાનોરોજો, શાહીબાગ, હઠીસંગનું દેવળ તથા બંગલો, એ જોવા લાયક છે.

ગામ—ઉવારસર, વટવા, કુવા, નરોડા, બારેજા, જેતલપુર, પીરાણા વગેરે. સ્ટેશનો—અમદાવાદ, સાબરમતી.

ધંધુકા.

નદીઓ—ભાદર, ગોમા, કાઠિયાવાડમાં ઉત્પન્ન થઈ ઓકારને મળે છે. નીલકા, ઉતાવળી ઓકારને મળે છે.

ગામ—ધંધુકા, અને ધોલેરા રનું મથક છે. બળવારા, રાણપુર, ખસ, ગાંફ, નાગનેશમાં મીઠું પાકે છે. ભીમનાથમાં શ્રાવણવદ અમાશે મેળો ભરાય છે.

ઘોઘા.

ખાડી—ભાવનગરની.

ગામ—ઘોઘા, વાલુકડ, કમલેજ.

સાણંદ.

નદી—સાબરમતી, રોહર.

ગામ—સાણંદ, સરખેજ, ગોધાવી, ચોરવડોદરા. કાસીંદ્રા, બીસલપુર, મોડાસર, ચેખલા, છારોડી. આમલીરોડ, નીદ્રાડ. સ્ટેશનો—સાણંદ, છારોડી, આમલીરોડ એ ત્રણ રેલવે સ્ટેશન છે.

કાઠિયાવાડ.

ઉત્તરે કચ્છી રણ, પુર્વે અમદાવાદ જીલ્લો અને ખંભાતીઅખાત, દક્ષિણે અને અગ્નિકોણમાં અરબીસમુદ્ર, વાવ્યકોણમાં કચ્છી અખાત.

પર્વતો—૧ ચોટીલા, ૨ વાલાકગીર કે મોરધાર, અને લાંબધાર ગોહેલવાડમાં એની પાસે પાલીતાણાનો પ્રખ્યાત

શેત્રુંજો નામે ડુંગર છે એના ઉપર જૈનીઓએ કરોડો રૂ-પીઆ ખરચી દેરાં બંધાવ્યાં છે. ૩ ગીર એ સોરઠમાં, ૪ ગીરનાર જુનાગઢ આગળ તે કાઠીઆવાડનાં સઘળા ડું-ગરોથી ઉંચો છે અને હિંદુલોકની જાત્રાનું ઠેકાણું છે. ૫ બર્ડા તે બર્ડામાં છે.

નદીઓ—૧ભાદર, ૨ શેત્રુંજી, ખંભાતના અખાતને મ-ળેછે. ૩ મચ્છુ. કચ્છના રણમાં જાયછે. ૪ ઓઝાટ ઉએણુને મળે છે. ૫ આજી, કચ્છના અખાતને મળેછે.

હિંદુલોકના તીર્થ. દ્વારકા, સોમનાથ કે પ્રભાસપાટણ, પાલીતાણાછે. એના દશ પ્રગણાં કરેલાં છે તેના નામ.

૧ ઝાલાવાડ, ૨ ગોહીલવાડ. ૩ ઉંડસરવૈયા. ૪ બા-બરીઆવાડ. ૫ કાઠીઆવાડ. ૬ સોરઠ. ૭ બર્ડા. ૮ હાલાર ૯ મચ્છુકાંઠો. ૧૦ ઓખામંડલ.

૧ ઝાલાવાડ.

શેહેરો. ૧ ધ્રાંગધ્રા. (બંટીઓ). ૨ વઢવાણ ૩ હળવદ ૪ લીંબડી. ૫ વાંકાનેર. ૬ લખતર. ૭ થાન. ૮ સાયલા. ૯ ચુડા. ૧૦ બજાણા.

નદીઓ. ભોગાવો, લીમડીનો ભોગાવો, ફુલકુ, બા-મણુ, મચ્છુ વિગેરે.

૨ ગોહિલવાડ.

નદીઓ—૧ ભાવનગરની ખાડી, ૨ શેત્રુંજી. ૩ મા-લન. ૪ ધાતરવાડી.

શેહેરો—ભાવનગર, સિહોર, કુંડલા, મહુઆ, પાલીતા-ણા (જાત્રાનું ઠેકાણું) ગારીઆધર, વળા, લાઠી.

૩ ઉંડસરવૈયા.

નદી.—અંગડ. શેહેરો.—દાઠા, ગણધોર, ચોક.

૪ બાબરીઆવાડ

નદીઓ.—ધાતરવાડી, રાયલી, ધોરાધરી, રૂપેણ.

શેહેરો.–૧ જાફ્રાબાદ. ૨ ડેડાણ.

૫ કાઠીઆવાડ.

નદીઓ.–સુકભાદર, ગોંડલી, શેત્રુંજી.

શેહેરો.–૧ અમરેલી. ૨ ધારી. ૩ જેતપુર. ૪ ચીતલ. ૫ બીલખા. ૬ બગસ. ૨૭ જસદન.

૬ સોરઠ,

નદીઓ.–સાવરી, કાવહારણ, ભાદર, ફુબી, ઓઝાત, સામન, સીઆવડો.

શેહેરો.–જુનાગઢ, (જાત્રાનું ઠેકાણું) વેરાવળ કોડીનાર, બાટવા, અમરાપુર.

૭ બરડા.

નદી.—ભાદર. શેહેર. પોરબંદર.

૮ હાલાર.

નદીઓ.—રામવતી, ઉંદઆજી.

શેહેરો.—નવાનગર (કંકુ) જોડીઆ, આમરણ, ખંભલીઆ, રાજકોટ (કાઠીઆવાડની રાજધાની ને પોલીટીકલ રહે છે.) સરધાર, ગોંડલ, ધોરાજી, જાફ્રા. ધોળ, સરપદ.

૯ મચ્છુકાંઠો.

નદીઓ.—મચ્છુ, ઘોડાધ્રાઇ.

શેહેરો.—મોરબી, માલીઆ.

૧૦ ઓખામંડળ

શેહેરો—દ્વારીકા. (જાત્રાનું ઠેકાણું) કચ્છીગઢ, આરંભડુ, ધીનાકી, મઢી.

પાલણપુર એજન્સી.

ઉત્તરે મારવાડ, દક્ષિણે ગાયકવાડનો મુલક, પૂર્વે શીરોઈ અને મહીકાંઠા એજન્સી, પશ્ચિમે કચ્છી રણ છે.

નદીઓ–બનાસ, સરસ્વતી, શિરોઈના ડુંગરમાંથા

નીકળી કચ્છના રણને મળે છે. એના મુખ્ય ૧૧ ભાગ કર્યાછે.

૧ પાલણપુર—પાલણપુર, ડીશા.	૬ વાવ—વાવ.
૨ રાધનપુર—રાધનપુર.	૭ સુઇગામ—સુઇગામ.
૩ તેરવાડા—તેરવાડા.	૮ દેવદર—દેવદર.
૪ વારાઈ—વારાઈ.	૯ આરવડ—સાંતલપુર.
૫ થરાદ—મોરવાડા, થરાદ.	૧૦ ભાભર—ભાભર.

૧૧ કાંકરેજ—કાંકરેજ.

એ સિવાય બીજા નાના સંસ્થાનો છે.

પાલણપુર સંસ્થાન

ઉત્તરે મારવાડ ગાયકવાડના તાબાનો મુલક. પૂર્વે શિરોઈ અને દાંતાના સંસ્થાનો; પશ્ચિમે દેવદરને થરાદ છે.

તાલુકા—ધાનદોર; ડીશા, ધાનેરા, પાથાવાડા.

નદીઓ—બનાસ, સરસ્વતી, નીમરાખી.

મુખ્ય કસ્બા—પાલણપુર, ડીશા, એમાં અંગ્રેજી લશ્કર રહે છે.

રાધનપુર સંસ્થાન.

ઉત્તરે મારવાડ, દક્ષિણે માંડલ, ઝીઝુંવાડા, પૂર્વે પાટણ જીલ્લો, પશ્ચિમે વારાઈ સંસ્થાન, નદી—બનાસ. કસ્બા—રાધનપુર, સમી, મુજપુર.

મહીકાંઠા એજન્સી.

ઉત્તરે આબુ, પૂર્વે મેવાડનો પહાડી મુલક, દક્ષિણે દેહગામ તાલુકા, અમદાવાદને ખેડા જીલ્લો તથા રેવાકાંઠા. પશ્ચિમે ગાયકવાડનો મુલક, પાલણપુર એજન્સી.

નદીઓ—સાબરમતી અરવલીના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. વાત્રક ડુંગરપૂર પાસેથી ઉત્પન્ન થઈને મેઘરેજ, માલ્પુર, ભાડવા, અને ખેડા પાસે થઈ સાબરમતીને મળે છે. હાથમતી ને ખારી એ સાબરમતીને મળે છે. મેશ્વો તથા માજુમ પણ સાબરમતીને મળે

છે. એના ૫૯ ભાગ તથા ૬૫ પ્રગણા કર્યા છે. નાની મારવાડ તેમાં ઇડર, મહારાજાના તેના ભાયતના તથા દાંતાના તથા માલપુર અને બીજા રાજાઓનો મુલક છે રેવર એ રેવર રજપુતોનું છે. એમાં મોહનપુર. રણાસળ વીગરે બીજા તાલુકા છે. ૩ સાબરકાંઠો, માણસા, પેથાપુર, વરસોડા, ઇલોલ, ૪ વાત્રકકાંઠો, આમલીઆરા, ઘોડાસર. સઢવા, પુનાદરા. ૫ બાવીસી, વાસણા, મહીશ, દભોડા બીજા મેહેવાસી ગામડાં છે. ૬ કટોસણ, જેટાણા; સાંથલ, કળસણ મગુન.

ઇડર સંસ્થાન.

અહમદનગર, ઇડર, વદાલી, બાયડ, ચોયલા, ગાબટ દાંતા, માલપુર, સંસ્થાન. દાંતામાં શેરડી પાકે છે ને આરસ પથરાની ખાણો છે. માલપુરમાં ડાંગેર પાકે છે. ને આરાસુરના પહાડમાં અંબાજીની જાત્રા ભરાય છે. મોહનપુર, અરપોદ્રામાં અબરખની ખાણો છે. ભાલુશણાને શતલાસણા, માણસા ઘોડાસર, ને આમલીઆરા.

રેવાકાંઠો.

ઉત્તર. વાવ્ય. અને ઇશાનકોણમાં મહીકાંઠાને રજપૂત સંસ્થાનો પૃ. મધ્ય હિંદુસ્તાન માંહેના સંસ્થાનો અને ખાનદેશ દક્ષિણે ગાયકવાડનો મુલક અને સુરત જીલ્લો. પશ્ચિમે ગાયકવાડનો મુલક અન ખેડા જીલ્લો તથા પંચમહાલનો થોડો ભાગ.

મુખ્ય પર્વત—રાજપીપળા.

નદીઓ—મહી, નર્મદા પુનમ, ગોમા, ઢાઢર, વિશ્વામીત્રી, હરેણ, કરજણ, ઓર વીગરે.

સંસ્થાનો ૬ છે—કડાણા, સજેણી, ભાદરવા, ઉમીટા ખંખેરા, મેવાસ ને પાંડુમેવાસ—૭ મોટા સંસ્થાનો નીચે પ્રમાણે. રાજપીપળા—નાદોદ, છોટા ઉદેપુર—છોટા ઉદેપુર, બારીઆ—બારીઆ, સુંઠ—સુંઠ, વાડાસિનોર—વાડાસિનોર. લુણાવાડા—લુણાવાડા

ગાયકવાડ.

મુખ્ય શેહેર—વડોદરા એમાં ગાયકવાડ સરકાર રહે છે. નવસારી, વસ્રાવી, વેલેશ્વર, ગણદેવી, તેલારી વીગેરે સુરત જીલ્લામાં છે. અમરેલી મહાલ, ઓખામંડલ, કાઠીઆવાડમાં છે. ચોથો ભાગ પાટણ, સીધપૂર, મેશાણા, પાંચમો વજપુર તરાફ. એ ખાનદેશમાં છે.

ખંભાત સંસ્થાન.

ઉ. તથા પુ. ખેડા, અગ્નિકોણમાં ગાયકવાડનો મુલક, દક્ષિણે મહી ને ખંભાતનો અખાત પશ્ચિમે સાબરમતી ને અમદાવાદ જીલ્લો ને ખેડાના કલેક્ટરના હાથનીચે છે.

મુખ્યશેહેર—ખંભાત મહી ઉપર છે.

प्रकरण ९ मुं

મદ્રાસ ઇલાકો

એના પાંચ ભાગ કર્યા છે. ૧. કર્ણાટક, ૨. ઉત્તર સરકાર, ૩. કોઇમ્બતુર, ૪. મલબાર કાંઠો. ૫. કાનડા.

નદીઓ. શેહેરો.

૧ ગોદાવરી. ઔરંગાબાદ (ઔરંગજેબની રાજધાની હતી) નાગપુર (રેશમીકોરનાં ધોતીઆં અને રૂના કારખાનાં છે.)

૨ ક્રષ્ણા. મચ્છલીપટ્ટણ (છીંટના કારખાના).

૩ મુસી. હૈદ્રાબાદ (નીઝામની રાજધાની અને તેની પાસે ગોવળકોંડા તેમાં હીરાની ખાણો છે).

૪ કાવેરી. તાંજોર (ઔષધના દેરાં) શ્રીરંગપટ્ટણ (મૈસુરની રાજધાની.

મુખ્ય શહેરો.

મદ્રાસ—એ મલબાર કાંઠે વેપાર અને વસ્તીમાં આખા હિંદુસ્થાનમાં ત્રીજા નંબરનું શહેર છે.

૧ ગંજામ પ્રગણું—ચીકાકોલ (મુખ્ય શેહેર) બ્રહ્મા-પોર, પાર્લાકીમેડી, (જાગીરદારને તાબે છે)

૨ ગોદાવરી પ્રગણું—રાજમન્ડી (મુખ્ય શેહેર) કોરીંગા, કોકાનદા, નરસપુર (નાના બંદરો છે.) ઇલુર (સેત્રંજી બનાવવાના કારખાના છે) પીટાપુર (જાગીરદારને તાબે છે)

૩ વિશાગાપટ્ટણ પ્રગણું—વિશાગાપટ્ટણ (શોભીતા સાબરનાં શીંગડા, હાથીદાંત અને સુખડની પેટીઓને વાસ્તે પ્રખ્યાત છે.) વિઝીઆ નગર, બોબીલી (બંને જમીનદારને તાબે છે) બીમીલીપટ્ટણ (દરિઅઇ શેહેર છે).

